રજુ કર્યા તારીખઃ–    ૧૪/૬/૨૦૧૭
દાખલ કર્યા તારીખઃ– ૧૪/૬/૨૦૧૭
ફૈંસલ કર્યા તારીખઃ–  ૧૧/૧/૨૦૧૮
સમયગાળો.   વર્ષ.   માસ.  દિવસ

અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ

ક્રિ.કેસ નં.૩૯૯૬૫/૧૭
આંક–૧૪

ફરીયાદીઃ–  સ ર કા ર
( અજયભાઈ સ/ઓ.દિનેશભાઈ પટણી)

વિરુધ્ધ.

તહોમતદારઃ– (૧). દિનેશભાઈ સ/ઓ.ચમનભાઈ પટણી
ઉં.વ.૫૬

(૨). ઉર્મિલાબેન વા/ઓ.યોગેશભાઈ પટણી
ઉં.વ.૨૫

(૩). કોમલબેન ડો/ઓ.દિનેશભાઈ પટણી
ઉં.વ.૧૯
તમામ રહે.કડીયાની ચાલી,સંતોષી માતાના મંદીર પાછળ,
અસારવા,શાહીબાગ,અમદાવાદ.

ગુનોઃ— <u>ઈ.પી.કો. કલમ—૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ.</u>

ફરીયાદી પક્ષે એ.પી.પી.શ્રી ડી.કે.સારેસા
આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી એન.કે.સોલંકી

<u>ચુ કા દો.</u>

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તા.૨૦/૧/૧૭ ના કલાક ૭.૩૦ વાગ્યા સુમારે પોતાના ઘરે પાણી ભરવા જતા આરોપી નં.૧ એ જણાવેલ કે તારે ગમે ત્યાંથી પાણી ભરી લેવાનું અહી પાણી ભરવા કેમ આવ્યો તેમ કહી ફરીયાદીને બીભત્સ ગાળો બોલી અને આરોપી નં.૨ તથા ૩ ના આરોપી નં.૧ નું ઉપરાણું લઈબીભત્સ ગાળો બોલી અને ત્રણેયે ફરીયાદીને ગડદાપાટુનો માર મારી અને આરોપી નં.૧ નાએ લોખંડની પાઈનો એક ફટકો મોં ઉપર દાંતના ભાગે તથા એક ફટકો ડાબે હાથે કોણીના ભાગે મારી ગંભીર ઈજા કરી ભાગી જઈ પાછળથી પકડાઈ ગયેલ. ઉપરોકત બનાવ બાબતે ફરીયાદીએ ફરીયાદ આપતા શાહીબાગ પો. સ્ટેશનના ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૧૪/૧૭ થી ગુનો રજીસ્ટરે લઈ, આગળની તપાસ અર્થે, તપાસ કરનાર અમલદારને સોંપતા, તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓને અટક કરી, આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ઈ.પી. કોડની કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫(૧)મુજબના ગુના સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨). ચાર્જશીટ દાખલ થતાં,આરોપીઓને સમન્સ કરવામાં આવેલા.જે સમન્સ બજી જતાં,આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે.આરોપીઓ હાજરથતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવ્યા બાદ, ગુનાની વિગત વાચી સંભળાવી સમજાવી આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક ૪ થી ૬ સુધી આરોપીઓની પ્લી લેતાં, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતાં, ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૩). ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ પ્રમાણે છે.

<u>મૌખિક પુરાવોઃ</u>–

(૧). આંક–૮ થી ફરીયાદી અજયભાઈ દિનેશભાઈ પટણીની જુબાની.

<u>દસ્તાવેજી પુરાવોઃ</u>–

(૧). આંક–૯ થી અસલ ફરીયાદ.

(૨). આંક–૧૦ થી બનાવવાળી જગ્યાનું પંચનામું.

(૩). આંક–૧૧ થી મુદ્દામાલ પાઈપ કબજે લીધા અંગેનું પંચનામું.

(૪). આંક–૧૨ થી ફરીયાદીને થયેલ ઈજા અંગેનું સર્ટિફીકેટ.

(૪). આ સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજુ કરેલ નથી અને આંક–૧૩ ની પુરસીસથી પુરાવો પુરો થયાનું ફરીયાદ પક્ષ તરફે જાહેર કરવામાં આવેલ છે.

(૫). સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો થયા બાદ આરોપીઓ સામે ખુલાસાલાયક પુરાવો ન હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ જવાબ નથી. આરોપીઓએ બચાવના સાહેદો તપાસેલા નથી કે સોગંદ પર જુબાની આપેલ નથી.

(૬). ત્યારબાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.કે.સારેસા તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એન.કે.સોલંકીની દલીલો સાંભળી.

(૭). ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થયેલ છે.

(૧). શું ફરીયાદ પક્ષ એવું નિઃશકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ ફરીયાદી તા.૨૦/૧/૧૭ ના કલાક ૭.૩૦ વાગ્યા સુમારે પોતાના ઘરે પાણી ભરવા જતા આરોપી નં.૧ એ જણાવેલ કે તારે ગમેત્યાંથી પાણી ભરી લેવાનું અહીં પાણી ભરવા કેમ આવ્યો તેમ કહી ફરીયાદીને બીભત્સ ગાળો બોલી અને આરોપી નં.ર તથા ૩ ના આરોપી નં.૧નું ઉપરાણું લઈ બીભત્સ ગાળો બોલી અનેફરીયાદીને ગડદાપાટુનો માર મારી અને આરોપી નં.૧નાએ લોખંડનીપાઈપનો એક ફટકો મોં ઉપર દાંતના ભાગે તથા એક ફટકો ડાબે હાથેકોણીના ભાગે મારી ગંભીર ઈજા કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદના શહેરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

(૨). શું હુકમ ?

(૮). ઉપરોકત મુદૃા અંગે મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

કા ર ણો.

મુદૃા નંબર.૧:–

(૯). આ કામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે ફરીયાદી અજયભાઈ દિનેશભાઈ પટણીને આંક ૦૮ થી સોગંદ પર તપાસેલા છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આ કામના આરોપી મારા પિતા અને બહેનો થાય છે.હું મારા માતા પિતાથી અલગ ઉપરના માળે રહેવા ગયેલ અને હું અલગ રહેતો હતો તે દરમીયાન પાણી બાબતે મારા મારા પિતા અને બહેનો સાથે મનદુ:ખ રહેતું હતું તેથી તા. ૨૦/૧/૨૦૧ ૭ ના રોજ પાણી બાબતે બોલચાલી થતાં અમોએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ.તેમાં મારી સહી છે તે અસલ ફરીયાદ આંક : ૦૯ થી રજુ કરેલ છે.મારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે.ફરીયાદી ફરીયાદ પક્ષના કેસની હકીકતોનું સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે તેમાં પણ તેઓ આરોપીઓ વિરૂઘ્ધ કોઈજ પુરાવો આપતા નથી.ફરીયાદીની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓ અને અમારી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નહી.એ વાત

ખરી છે કે આરોપીઓએ મને ગંદી ગાળો બોલી ગડદાપાટુનો મારેલ નથી કે સળીયાથી મારેલ હોય તેવું બનેલ નથી. એવાત ખરી છે કે આરોપી નંબર ૧ મારા પિતા અને આરોપી નંબર ૨,૩ મારી બહેનો થાય છે. એ વાત ખરી છે કે પાણી બાબતે બોલાચાલી થતાં અમોએ આવેશમાં આવી જઈને આ ફરીયાદ આપેલ તે સિવાય બીજું કંઈ બનેલ નથી. આમ ફરીયાદીની સમગ્ર જુબાની ઘ્યાને રાખતાં આ કામના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીએ ફરીયાદીને બીભત્સ ગાળો બોલી હોવાનું અને ગડદાપાટુનો માર મારેલાનું કે આરોપી નં.૧ નાએ લોખંડની પાઈપના ફટકા મોં તથા દાંતના ભાગે તેમજ ડાબા હાથે કોણીનાભાગે મારી ઈજા કરેલાનું જણાવતા નથી તે સંજોગોમાં ફરીયાદીની જુબાની માની શકાય તેમ નથી.

ઉપરોકત તમામ હકીકત તેમજ રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં આ કામના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીએ ફરીયાદીને બીભત્સ ગાળો બોલી હોવાનું અને ગડદાપાટુનો માર મારેલાનું કે, આરોપી નં.૧ નાએ લોખંડની પાઈપના ફટકા મોં તથા દાંતના ભાગે તેમજ ડાબા હાથે કોણીના ભાગે મારી ઈજા કરેલાનું કે, આરોપીઓને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલાનું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેવું સ્પષ્ટ રેકર્ડ પરથી જણાય આવે છે તે સંજોગોમાં આ કામના આરોપીઓએ ઈ.પી. કોડની કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ મુજબનો કોઈ ગુનો કરેલાની હકીકત પુરવાર થયેલ નથી. આ કામે આરોપીઓ સામે જી.પી.એકટની કલમ ૧૩૫(૧)નું તહોમત છે, પરંતુ બનાવની તારીખે, સમયે અને સ્થળ પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામું પ્રસિઘ્ધ થઈ

અમલમાં હતું તે અંગે કોઈજ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી સદરહુ જાહેરનામાનો આરોપીઓએ કોઈ ભંગ કરેલ હોઈ તેમ જણાય આવતું નથી. ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે, જયારે આ કામે પ્રત્યક્ષ તથા પરોક્ષ પુરાવાથી ફરીયાદ પક્ષ તેમ કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, આરોપીઓ સામેના ફરીયાદમાં જણાવેલા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, હું મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નંબર : ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

<u>હુ ક મ.</u>

ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ. પી. કોડની ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

દરેક આરોપીએ રુ.૫૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન,અપીલ થાય તો તેવા સંજોગોમાં ઉપલી અદાલતમાં હાજર રહેવા માટે ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭–(અ) મુજબ આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૧/૧/૨૦૧૮.

(બી.બી.પટેલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં.GJ00292